રાજ્યની સિંચાઈ યોજનાઓ હેઠળની નહેરો પરના સર્વિસ રોડની સંપાદિત જમીનનો ખાનગી અરજદારોને, શૈક્ષણિક, આરોગ્ય હેતુ અને ખેતી વિષયક કામગીરી માટે ખાસ સંજોગોમાં ઉપયોગ કરવાની છુટ, પરવાનગી આપવા બાબત.....

ગુજરાત સરકાર,

ઠરાવ ક્રમાંક : એમઆઈસી/ ૨૦૧૧ / ૧૦૪/૧૨૭/ક
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ,
નવા સચિવાલય,ગાંધીનગર.

તા. ૨૪/૭/૧૩

સંદર્ભઃ (૧) સરકારશ્રીનો તારીખઃ ૦૧/૦૮/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક એમઆઈસી/ ૨૦૧૧ / ૧૦૪/૧૨૭/ક

(૨) સરકારશ્રીનો તારીખઃ ૦૪/૦૯/૨૦૧૨નો સુધારા ઠરાવ ક્રમાંક એમઆઈસી /૨૦૧૧/૧૦૪/૧૨૭/ક

**પ્રસ્તાવના**

સરકારશ્રીના સંદર્ભ હેઠળના ઠરાવથી રાજ્યની સિંચાઈ યોજનાઓ હેઠળની નહેરો પરના સર્વિસ રોડની સંપાદિત જમીનનો ખાનગી અરજદારોને, શૈક્ષણિક, આરોગ્ય હેતુ અને ખેતી વિષયક કામગીરી માટે ખાસ સંજોગોમાં ઉપયોગ કરવાની છુટ, પરવાનગી આપવા બાબત તથા ખાસ સંજોગોમાં નહેરોના સર્વિસ રોડનો ઉપયોગ કરવા સરકારશ્રીની નીતિ-ધોરણ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે સિંચાઇ યોજના હેઠળની નહેરો પરના સર્વિસ રોડનો ખાનગી અરજદારોને, શૈક્ષણિક, આરોગ્ય હેતુ અને ખેતી વિષયક કામગીરી માટે ખાસ સંજોગોમાં અવર-જવરના વપરાશ માટે પરવાનગી આપવા નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

**<u>નહેરની સંપાદિત જમીનના વપરાશી માટે ભાડા રકમ.</u>**

(૧) <u>સંપૂર્ણપણે વ્યાપારિક ધોરણે</u> :-

માંગણી કરેલ જમીન જે વિસ્તારમાં આવેલ હોય તે વિસ્તારના જંત્રીના ભાવ ના ૧૫% મુજબ વાર્ષિક ભાડુ આપવાનું રહેશે. આ ભાડામાં દરવર્ષે ૫% ઉત્તરો ઉત્તર વધારો કરીને એક

સાથે ૧૫ વર્ષનું ભાડુ આગોતરા ભરવાનું રહેશે તે મુજબ નીચે જણાવેલ સૂત્ર મુજબ ભાડુ વસૂલાત કરવાનું રહેશે.

R = ૨.૦૦ x A

જ્યાં R = ૧૫ વર્ષનું આગોતર ભાડુ પ્રતિ ચો.મી

A = તે વિસ્તારની જંત્રીનો ભાવ પ્રતિ ચો.મી.

૧૫ વર્ષની મુદત પછી જો અરજદારશ્રી વપરાશ ચાલુ રાખવા માંગે તો અરજદારશ્રીએ કરારનામું રીન્યુ કરવાનું રહેશે. કરારનામું રીન્યુ કરવા માટે અરજદારશ્રીએ કરારનામું પૂર્ણ થાય તે તારીખ થી ૪ થી ૬ માસ ની વચ્ચે અરજી કરવાની રહેશે અને અરજદારશ્રી ધ્વારા નિયત સમયમર્યાદામાં અરજી કરવામાં નહિ આવે તો તેઓશ્રી કરારનામું રીન્યુ કરવાની ઇચ્છા ધરાવતા નથી તેમ ગણવામાં આવશે. અને નિયત સમયમર્યાદા બાદ અરજી કરવામાં આવશે તો ઉપર મુજબ ફરીથી દસ વર્ષ માટે તે સમયની જંત્રીના ભાવ ગણતરીમાં લઇને ભાડાની ગણતરી કરવાની રહેશે.તે મુજબનું ભાડુ ફરીથી ભરવાનું રહેશે. રીન્યુ કરવા માટેની અરજી કરવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે, તે અંગે કોઇ જાણ વિભાગ ધ્વારા કરવામાં આવશે નહિ.

કેનાલ પરના રસ્તા કે સ્વખર્ચે બનાવેલ કેનાલ ક્રોસીંગની મરામત/જાળવણીની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રી દ્વારા કરવાની રહે છે. અને પરવાનેદાર દ્વારા જો સંપાદિત જમીનપર બનાવેલ રસ્તા કે નાળાની મરામત/જાળવણી ન કરે તો અરજદારશ્રીની પરવાનગી રદ કરવાની થાય અને અરજદારશ્રી દ્વારા અગોતરી ભરપાઈ કરેલ રકમ પૈકીની જપ્ત કરવા ની રહેશે. તથા અરજદારે દરેક ક્રોસીંગ કે રસ્તા વપરાશની દરખાસ્ત દિઠ રૂ!- ૫૦૦૦/- પ્રોસેસીંગ ફી ભરવાની રહેશે. આ મંજૂરી અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએથી આપવાની રહેશે.

**(૨) શૈક્ષણિક / આરોગ્યના હેતુ માટેની સંસ્થાઓ** :-

આ સંસ્થાઓ નહીં નફા - નુકશાનના ધોરણે ચાલતી હોય અને સમાજના તમામ વર્ગોને સ્પર્શતી હોય બજાર કિમતની જગ્યાએ ટોકન ભાડા તરીકે દર વર્ષે ૧ રૂ!. ચો.મીટર લેખે ભાડુ ભરવાનું રહેશે . નહીં નફા-નુકશાનના ધોરણે સંસ્થા ચાલે છે તેના આધાર પુરાવા દસ્તાવેજી સ્વરૂપે સંસ્થાએ અરજી સાથે રજુ કરવાના રહેશે અને સરકારશ્રી સંસ્થા પોતે નહીં નફો-નહીં નુકશાનના ધોરણે ચાલે છે તે યોગ્ય જણાશે તે કિસ્સામાં ટોકન ભાડે જમીન ભાડે આપવાની મંજૂરી સરકારશ્રી કક્ષાએથી આપવાની રહેશે.

અરજદારે દરેક ક્રોસીંગ કે રસ્તા વપરાશની દરખાસ્ત દિઠ રૂા. ૫૦૦૦ પ્રોસેસીંગ ફી ભરવાની રહેશે.

**(૩) ખેડૂતો દ્વારા ફક્ત ખેતી વિષયક કામગીરી માટે**

નહેર પસાર થવાથી ખેડુતની જમીનના બે ટુકડા થઇ ગયા હોય તે કિસ્સામાં ખેડુતને સામેની બાજુ જવા માટે નાળાની જરૂરીયાત ઉપસ્થિત થતી હોય છે. નહેરની જમીન સંપાદન થવાથી જમીન ના બે ટુકડા થઇ ગયેલ હોવાથી ખેડુત પોતાના ખર્ચે વિભાગની પાસે મંજુર કરાવેલ આલેખન મુજબ નાળુ બાંધવા માગતો હોય તે કિસ્સામાં ૧ રૂા/ચો. મીટર ટોકન ભાડા તરીકે ૧૦ વર્ષનું એક સાથે ભાડુ લેવાનું રહેશે. આ નાળાનો ઉપયોગ અન્ય લોકો પણ કરી શકે તે શરતે મંજૂરી આપવાની રહેશે.તથા ફકત ખેતી વિષયક હેતુ માટે જ ઉપયોગ કરવાનો છે. તે પૂરવાર કરવાની જવાબદારી જે તે ખેડુતની રહેશે. જે કિસ્સામાં એવુ જણાય કે વ્યાપારીક ધોરણે ઉપયોગ કરવામાં આવે છે તો મંજૂરી રદ કરવામાં આવશે.

આ મંજૂરી સરકારશ્રી કક્ષાએથી આપવાની રહેશે.

જે શરતો એ જમીન ભાડાપેટે આપવાની છે તે શરતો તથા અરજી સાથે રજુ કરવાની વિગતો આ સાથે એનેક્ષર-૧ અને એનેક્ષર-૨ તરીકે સામેલ રાખેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.ડી.પરમાર)
ઉપ સચિવ (મ.ગુ.)
ન.જ.સં.પા.પુ. અને ક વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(જ.સં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, (તમામ) નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ. નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

**વ્યાપારીક ધોરણે નહેરની સંપાદિત જમીનનો વપરાશ કરવા અંગે ભરપાઈ કરવાના થતા one time chrgeની દાખલા રૂપ ગણત્રી દર્શાવતું પત્રક**

**૧.૦** જીલ્લાની **એવરેજ જંત્રીની કિંમત ૫.૦ લાખ/વિઘા** પ્રમાણે.

એટલે ૫.૦૦ x ૪.૨૦=પ્રતિ હેક્ટર ૨૧.૦૦ લાખ ગણતા.

**૨.૦** આ રકમના ૧૫% મુજબ = ૨૧00000 x ૦.૧૫ =3,૧૫,000/-પ્રતિ હેક્ટર.

3.0 પ્રતિ ચો.મી. વાર્ષિક ભાડુ = ૩૧૫000/૧0000 ચો.મી = ૩૧.૫૦/પ્રતિ ચો.મી. થાય.

૪.૦ વાર્ષિક jantri rate માં ૫% ઉતરોત્તર વધારા મુજબ.

**૧૫ વર્ષ માટે વર્ષ વાર ભરપાઈ કરવાની થતી કુલ રકમ**

| | |
|---|---|
| પ્રથમ વર્ષે | `૩૧.૫૦ |
| બીજા વર્ષે | `33.0૮ |
| ત્રીજા વર્ષે | `૩૪.૭૩ |
| ચોથા વર્ષે | `૩૬.૪૭ |
| પાંચમાં વર્ષે | `૩૮.૨૯ |
| છઠ્ઠા વર્ષે | `૪૦.૨૦ |
| સાતમા વર્ષે | `૪૨.૨૧ |
| આઠમાં વર્ષે | `૪૪.૩૨ |
| નવમાં વર્ષે | `૪૬.૫૪ |
| દસમાં વર્ષે | `૪૮.૮૭ |
| અગિયારમાં વર્ષે | `૫૧.૩૧ |
| બારમાં વર્ષે | `૫૩.૮૮ |
| તેરમા વર્ષે | `૫૬.૫૭ |
| ચૌદમાં વર્ષે | `૫૯.૪૦ |
| પંદરમાં વર્ષે | `૬૨.૩૭ |

**15 વર્ષ માટે ભરવાની થતી કુલ રકમ = `૬૭૯.૭૪/પ્રતિ ચો.મી.**

૫.૦ ૧૫માં વર્ષે ભરપાઈ કરવાના થતી પ્રતિ ચો.મી. ભાડાની રકમ **`૬૨.૩૭** પ્રથમ વર્ષે ભરપાઈ કરવાના થતા ભાડા `૩૧.૫૦ કરતા ૨.૦૦ ગણા વધુ થાય છે.

૬.૦ ૧૫ વર્ષ માટે જેતે જીલ્લાની જંત્રીમાં દર્શાવ્યા મુજબના પ્રતિ ચો.મી.ના ભાવના ૨.૦૦ ગણી રકમ પરવાનેદાર પાસેથી **one time charge** અગોતરી વસૂલ કરવાનું રહેશે.

## એનેક્ષર -૧

**અવર જવર માટે સ્વખર્ચે નાળુ બનાવવા ઉપયોગમાં લેવામાં આવનાર સરકારી જમીનના વપરાશ અંગેની શરતો.**

(૧) નહેરની સંપાદિત જમીન નાળુ બાંધવા તેમજ સર્વિસ રોડ પર સ્વખર્ચે રસ્તો બનાવી રસ્તા વપરાશ માટે ૧૦ વર્ષ માટે રૂા. પ્રતિ, ચો.મી. વાર્ષિક ભાડુ પ્રતિ, વર્ષ ૫ %ના ઉત્તરોત્તર વધારા સહિતની રકમ તથા રૂા. ૫૦,૦૦૦/- ડીપોઝિટ રીફંડેબલ ૧૦ વર્ષના સમયગાળા બાદ અને રૂા.૫૦,૦૦૦/- સીકયુરીટી ડીપોઝીટ રીફંડેબલ (સલામતીના કામો પૂર્ણ થયા બાદ) તથા પ્રોસેસીંગ ફી રૂા. ૫,૦૦૦/- જમા કરાવવાના રહેશે.

(૨) બાંધવાના થતા બ્રીજના આલેખન " મોસ્ટ " ધ્વારા તૈયાર કરવામાં આવેલ સ્ટાન્ડર્ડ ડીઝાઇન અનુસાર વિગતવાર વર્કિંગ ડ્રોઇંગ તૈયાર કરી વિભાગમાં મંજુરે અર્થે રજુ કરવા નું રહેશે.

(3) ઉધોગકાર/વપરાશકાર ધ્વારા સ્વખર્ચે બ્રીજ બનાવી વપરાશ કરવા અર્થે પરવાનગી માંગવામાં આવેલ હોય આ કિસ્સામાં અરજદારે ૩૦ મીટર કેનાલની લંબાઇ બાંધવાના થતા બ્રીજની હેઠવાસ/નીચવાસના ભાગમાં સ્વખર્ચે લાઇનીંગ કરી આપવાનુ રહેશે.

(૪) અરજદારે કેનાલ અવર જવર થતા માલ સામાનના પરિવહન અર્થે નાળુ સ્વખર્ચે મોસ્ટના આલેખન વિભાગાની પાસેથી મંજુર કરાવેલ ડીઝાઇન મુજબ બાંધવાનું રહેશે તેમજ નાળાની હેઠવાસ તથા ઉપરવાસના ભાગમાં ૧૦૦ મી.ની કેનાલની સંપાદિત જગ્યામાં ઉગી નીકળતી બાવરો તથા જંગલી વનસ્પતિની સફાઇ કરવાની રહેશે અને જો આ મુજબની મરામત /જાળવણી કરવામાં નહી આવે તો આપેલ પરવાનગી રદ કરવામાં આવશે.

(૫) કેનાલ પર બાંધવાના થતા નાળા/રસ્તાની સલામતીના કામો બાંધકામ વખતે નહેર પરના કોઇ સ્ટ્રકચરને નુકશાન થશે તો તે અંગેની જવાબદારી અરજદારશ્રીની રહેશે તેમજ થયેલ નુકશાનની તાત્કાલિક મરામત અરજદારશ્રીએ સ્વખર્ચે કરવાની રહેશે.

(૬) કેનાલ પર બાંધવાના થતા નાળાના બાંધકામ/રોડની કામગીરી વખતે કોઇ પણ જાતનો અકસ્માત કે જાહેર જનતાને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી અરજદારની

રહેશે. વિભાગની કોઇ જવાબદારી રહેશે નહિ.

(૭) નાળુ બાંધવાની/રસ્તા બનાવવાની જે જમીનના વિસ્તાર માટે પરવાનગી આપવામાં આવે તે નહેરની સંપાદિત અંગે જમીનની કાયમી ધોરણે કોઇ પણ હકક કે દાવો પ્રસ્થાપિત કરી શકશે નહિ અને સરકારશ્રીને જયારે પણ જરૂરીયાત જણાશે ત્યારે નાળાનો/રસ્તાનો વપરાશ કરતા અટકાવી શકશે તથા બાંધવામાં આવેલ નાળુ દુર કરી શકશે, અને તે અંગે વપરાશકાર ધ્વારા નામદાર અદાલતમાં કેસ કે દાવો દાખલ કરી શકશે નહિ

(૮) સ્વખર્ચે બાંધવામાં આવનાર નાળાની/રસ્તાની માલિકી સરકારશ્રીની રહેશે તેમજ તેનો ઉપયોગ કરતાં ખેડુત ખાતેદારો કે સિંચાઇના સ્ટાફને ઉપયોગ કરતાં અટકાવી શકશે નહિ.

(૯) નાળાનો/રસ્તાનો વપરાશનો હકક કાયમી ધોરણે રહેશે નહિ ભવિષ્યમાં સરકારને નાળુ દુર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અરજદારે નાળુ સ્વખર્ચે દુર કરવાનો રહેશે.

(૧૦) સ્વખર્ચે નાળા/રસ્તા બનાવવા અંગેની કામગીરી ખાતા ધ્વારા મંજુર કરાવેલ ડિઝાઇન મુજબ કામગીરી કરવાની રહેશે. કામગીરી સિંચાઇ વિભાગના નિયુકત કર્મચારી/અધિકારીની સીધી દેખરેખ તથા સુચના મુજબ કરવાની રહેશે.

(૧૧) સિંચાઇ વિભાગને જરૂર જણાયે એક મહિનાની નોટીસથી મંજુરી રદ કરવામાં આવશે અને તે અંગે અરજદાર કોઇ વાંધો કે દાવો કરી શકશે નહિ.

(૧૨) પરવાનગી મળ્યેથી અરજદારે સરકારશ્રી સાથે નિયત કરેલ મુસદ્દામાં કરારનામું કરવાનું રહેશે.

(૧૩) અરજદારશ્રી ધ્વારા કેનાલ ક્રોસીંગ માટે જે નાળુ બનાવવામાં આવે અને ક્રોસીંગ સ્ટ્રકચર કુદરતી કારણો કે અન્ય કારણોસર ફેઇલ જાય અને કોઇ અકસ્માત થાય તો તે અંગે સિંચાઇ વિભાગની જવાબદારી રહેશે નહીં. અને જે કંઇ વળતરના કે અન્ય પ્રશ્નો ઉપસ્થિત થાય તો તે અંગેની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૧૪) નહેર પરના નાળાના/રસ્તાના વપરાશમાં જો કોઇ અકસ્માત થાય તો તે અંગેની જવાબદારી સિંચાઇ વિભાગની રહેશે નહી. અને તે મુજબના બોર્ડ અને જેટલી જગ્યા ઉપર કેનાલ અધિકારી જણાવે તેટલી સંખ્યામાં તથા સાઇઝના બોર્ડ અરજદારશ્રીએ તેમના ખર્ચે લગાવવાના રહેશે.

(૧૫) નહેર પરના નાળાની દર વર્ષે સિંચાઇ વિભાગ સુચવે તે મુજબની મરામતની કામગીરી સિંચાઇ વિભાગના અધિકારી/કર્મચારીની દેખરેખ મુજબ કરવાની રહેશે.

(૧૬) સદર નાળાના/રસ્તાના બાંધવાના કારણે આજુ બાજુના વિસ્તારમાં સીપેજ/લીકેજના કારણે પાણીનો ભરાવો થાય તો તેનો નિકાલ અરજદારે સ્વખર્ચે કરવાનો રહેશે.

(૧૭) પરવાનેદારે સરકારશ્રીની સંપાદિત જમીનના ઉપયોગ અર્થે સરકારશ્રીના ઠરાવ મુજબના દરો ૧૫ વર્ષના ભાડા સાથે આગોતર ભરપાઇ કરવાના રહેશે તેમજ નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારશ્રીએ રોડ નહેરની કીવોલ થી ૨.૦ મીટર દુર કરવાનો રહેશે. અને આ ૨.૦ મીટરના પટ્ટામાં કોઇ વાહનો વપરાશ ન કરે તે માટે અરજદારશ્રીએ વિભાગ નકકી કરે તે મુજબના પોલ સ્વખર્ચે મુકવાના રહેશે.

## એનેક્ષર-૨

**કેનાલ/ડ્રેઈન ક્રોસ કરવા અંગે સ્વખર્ચે નાળુ /ઈન્સપેક્શન રોડનો વપરાશ કરવા અંગે પરવાનગી આપવા અંગેની દરખાસ્ત સાથે નીચે મુજબની વિગતો રજૂ કરવાની રહેશે**

---

૧.૦ અરજદારશ્રીની અરજી.

૨.૦ અરજદાર/કંપની/સંસ્થાના સર્વે નંબર / બ્લોક નંબરના માલિકીપણાના પુરાવા (૭/૧૨ના ઉતારાની નકલ/દસ્તાવેજની નકલ/પાવર ઓફ એટર્નીની નકલ.)

૩.૦ માંગણી કરેલ નાળાની/કેનાલ રસ્તા વપરાશની સ્થળ સ્થિતિ દર્શાવતો ડીઝીટલ નકશો.

(કેનાલના ચેનેજ મીટરમાં દર્શાવવા તથા રસ્તા વપરાશ માટે શરૂઆતના ચેનેજથી વપરાશ પોઈન્ટના ચેનેજ તથા કમાન્ડ વિસ્તારના અન્ય ગ્રામ્ય રસ્તા અલગ કલરથી દર્શાવવા)

૪.૦ વીલેજ મેપ ક્રોસિંગ માર્ક કરેલ.

૫.૦ ક્રોસિંગ/રસ્તો માર્ક કરેલ ઈન્ડેક્ષ મેપ (સેક્શન અને સબ ડીવીઝન)

૬.૦ કેનાલ/ખાડીનું સંપાદિત જમીન સુધીનું હયાત ક્રોસ સેક્શન હાઈડ્રોલીક ડેટા સહિત (સંપૂર્ણ કેનાલ વીડ્થ સહિત).

(કેનાલના ક્રોસ સેક્શન પર વપરાશમાં લેવાના થતા રસ્તાનું આલેખન માપ સહિત દર્શાવવું)

૭.૦ બનાવવાના થતા નાળાનો પ્લાન/ડીઝાઈન (મોસ્ટ ધ્વારા તૈયાર કરેલ સ્ટાન્ડર્ડ ડીઝાઈન મુજબ) તથા રસ્તા વપરાશ અંગેનું માર્ગ અને મકાન વિભાગ ધ્વારા નિયત કરેલ ડીઝાઈન મુજબનું વર્કિંગ ડ્રોઈંગ. (બનાવવાના થતા કોંક્રિટ/આસ્ફાલ્ટ રસ્તાનું ક્રોસ સેક્શન, તથા સાઈડ રેલીંગની ડીઝાઈન)

૮.૦ બનાવવાના થતા નાળા/રસ્તાના આલેખનો નકશો.

૯.૦ અરજદાર/કંપની/સંસ્થા ધ્વારા પાલન કરવાની થતી શરતોનું પત્રક.

૧૦.૦ (અ) અરજદાર/કંપની/સંસ્થા ધ્વારા નક્કી કરેલ શરતો તથા સરકારશ્રી ધ્વારા વખતો વખતના ઠરાવથી નક્કી કરેલ ભાડા/મરામત-જાળવણીની રકમ ભરપાઈ કરવા બાહેધરી પત્ર.

(બ) સિક્યુરીટી ડીપોઝીટ તથા કરારનામું કરવા અંગે આપવાનું થતું બાહેધરી પત્ર.

(ક) અપાયેલ મંજૂરી ૧ મહિનાની નોટીસથી કોઈપણ કારણ વગર રદ કરવામાં આવશે અને તે અંગે કોઈપણ પ્રકારનું વળતર કે કેનાલ મરામત લાઈનીંગ પાછળ થયેલ ખર્ચ પણ પરત મળવા પાત્ર રહેશે નહી અને તે અંગે કોઈ વાંધો નથી તે પ્રકારનું બાહેધરી પત્ર આપવાનું રહેશે.

(ડ) ઉપરોક્ત તમામ બાહેધરી ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવી દરખાસ્ત સાથે સામેલ રાખવાનું રહેશે.

૧૧.૦ રાજકીય/સ્થાનિક આગેવાન ધ્વારા ભલામણ કરવામાં આવેલ હોયતો ભલામણના પત્રની નકલ.

૧૨.૦ જે તે સર્વે નંબર/બ્લોક નંબર માટે એન.એ.ની પરવાનગી મળેલ હોયતો તેની નકલ અથવા મંજૂરી માટે અરજી કરેલ હોય તો તેની નકલ.

૧૩.૦ જેટલી લંબાઈમાં રસ્તો વપરાશમાં લેવામાં આવવાનો હોય તેટલી લંબાઈમાં કેનાલ લાઈનીંગ રેલીંગ સાથેનો ખર્ચ અને લાઈનીંગનો જથ્થો (સ્કેવેર મીટરમાં) (ખર્ચ હાલના બજાર કિંમતે તથા એસ.ઓ.આર. એમ બન્ને રીતે બતાવવાનો રહેશે)

૧૪.૦ જે લંબાઈમાં રોડ બાનાવવાનું સૂચવેલ હોય તે લંબાઈમાં આવતા તમામ સ્ટ્રકચર્સની વિગતો અને સ્ટ્રકચર્સ મજબુત કરવા અંગે થનાર ખર્ચની વિગત (ખર્ચ બજાર કિંમત તથા એસ.ઓ.આર ભાવ એમ બન્ને મુજબ ગણત્રી કરી બતાવવાનો રહેશે)

૧૫.૦ નહેર/ખાડીમાં ક્રોસિંગથી ઓબસ્ટ્રકશન થતું હોયતો એફલક્ષ અને હેડ લોસની વિગતો દરખાસ્ત સાથે ગણત્રી સહિત રજુ કરવાનું રહેશે.

૧૬.૦ સદર માંગેલ મંજૂરી કોઈ લેખિતમાં વાંધો આવેલ હોયતો તે અંગેના પત્રની નકલ.

# ડેટાશીટ

| અ.નં | નોંધ | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | | 3 |
| ૧ | અરજદાર/સંસ્થા/કંપનીના પત્રની નકલ | | |
| ૨ | અરજદાર/સંસ્થા/કંપનીનું નામ | | |
| 3 | અરજદારના સર્વે નંબર/બ્લોક નંબરના માલિકી પણાના પૂરાવા (૭/૧૨ના ઉતારાની નકલ, દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની તથા અન્ય) તથા તે અંગેની કાયદેસરતાના દસ્તાવેજોની નકલ | | |
| ૪ | માંગેલ મંજૂરીની વિગત ક્રોસિંગ, રોડ, ક્રોસિંગ અને રોડ બન્ને | | |
| ૫ | કેનાલ/ડ્રેઈનનું નામ. | | |
| ૬ | ગામ/તાલુકો/જીલ્લો | | |
| ૭ | ક્રોસંગની વિગતો | લંબાઈ (મીટર) | |
| | | પહોળાઈ | |
| | | પ્રકાર – પાઈપ ટાઈપ/સ્લેબ ટાઈપ | |
| | | નહેરના/ડ્રેઈનમાં પીયરનું ઓબસ્ટ્રકશન છે કે કેમ? હા/ના | |
| | | જો હા તો એફલક્ષ (સે.મી) હેડલોસ (સે.મી)ની ગણત્રી | |
| | | નાળાની ડીઝાઈન 'મોસ્ટ' મુજબની છે કે પ્રાઈવેટ કન્સલટન્ટ ધ્વારા બનાવેલ છે. | |
| | | નાળાની ઉપરવાસ/હેઠવાસમાં બેડ પ્રોટેક્શન અંગે લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (એસ.ઓ.આર મુજબ | |
| | | નાળાની ઉપરવાસ/હેઠવાસમાં બેડ પ્રોટેક્શન અંગે લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (બજાર ભાવ મુજબ) | |
| | | વાર્ષિક ભાડાની/મરામતની રકમ | |
| ૮ | રોડ વપરાશની વિગત | ૧) સર્વિસ રોડ/ઈન્સપેક્શન રોડ | |
| | | ૨) લંબાઈ (મીટર) | |
| | | 3) પહોળાઈ (મીટર) | |
| | | ૪) તમામ લંબાઈમાં લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (એસ.ઓ.આર મુજબ | |
| | | ૫) તમામ લંબાઈમાં લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (બજાર ભાવ મુજબ) | |
| | | ૬) રેલીંગનો ખર્ચ રૂપિયા લાખમાં | |
| | | ૭) સ્થળ પર લાઈનીંગ હોયતો હયાત લાઈનીંગની કન્ડીશન (સારી/ખરાબ) | |

## અરજી સાથે રજુ કરવાના થતા દસ્તાવેજોનુ ચેકલીસ્ટ

કેનાલ/ડ્રેઈન ક્રોસ કરવા અંગે સ્વખર્ચે નાળુ બાંધાવા બાબતે તેમજ કેનાલના સર્વિસ રોડ/ ઈન્સપેક્શન રોડનો વપરાશ કરવા અંગે પરવાનગી આપવા અંગેની દરખાસ્ત સાથે રજુ કરવાના થતા દસ્તાવેજ અંગેનું ચેક લીસ્ટ.

| ક્ર.નં | નોંધ | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧ | અરજદાર/સંસ્થા/કંપનીના પત્રની નકલ | | |
| ૨ | અરજદાર/સંસ્થા/કંપનીનું નામ | | |
| ૩ | અરજદારના સર્વે નંબર/બ્લોક નંબરના માલિકી પણાના પૂરાવા (૭/૧૨ના ઉતારાની નકલ, દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની તથા અન્ય) તથા તે અંગેની કાયદેસરતાના દસ્તાવેજોની નકલ | | |
| ૪ | માંગેલ મંજૂરીની વિગત ક્રોસિંગ, રોડ, ક્રોસિંગ અને રોડ બન્ને | | |
| ૫ | કેનાલ/ડ્રેઈનનું નામ. | | |
| ૬ | ગામ/તાલુકો/જીલ્લો | | |
| ૭ | ક્રોસંગની વિગતો | લંબાઈ (મીટર) | |
| | | પહોળાઈ | |
| | | પ્રકાર – પાઈપ ટાઈપ/સ્લેબ ટાઈપ | |
| | | નહેરના/ડ્રેઈનમાં પીયરનું ઓબસ્ટ્રકશન છે કે કેમ? હા/ના | |
| | | જો હા તો એફલક્ષ (સે.મી) હેડલોસ (સે.મી)ની ગણત્રી | |
| | | નાળાની ડીઝાઈન 'મોસ્ટ' મુજબની છે કે પ્રાઈવેટ કન્સલટન્ટ ધ્વારા બનાવેલ છે. | |
| | | નાળાની ઉપરવાસ/હેઠવાસમાં બેડ પ્રોટેક્શન અંગે લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (એસ.ઓ.આર મુજબ | |
| | | નાળાની ઉપરવાસ/હેઠવાસમાં બેડ પ્રોટેક્શન અંગે લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (બજાર ભાવ મુજબ) | |
| | | વાર્ષિક ભાડાની/મરામતની રકમ | |

| | | | |
|---|---|---|---|
| ૮ | રોડ વપરાશની વિગત | ૧) સર્વિસ રોડ/ઈન્સપેક્શન રોડ | |
| | | ૨) લંબાઈ (મીટર) | |
| | | ૩) પહોળાઈ (મીટર) | |
| | | ૪) તમામ લંબાઈમાં લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (એસ.ઓ.આર મુજબ | |
| | | ૫) તમામ લંબાઈમાં લાઈનીંગનો ખર્ચ રૂપિયા લાખમાં (બજાર ભાવ મુજબ) | |
| | | ૬) રેલીંગનો ખર્ચ રૂપિયા લાખમાં | |
| | | ૭) સ્થળ પર લાઈનીંગ હોયતો હયાત લાઈનીંગની કન્ડીશન (સારી/ખરાબ) | |
| | | ૮) વાર્ષિક ભાડાની/મરામતની રકમ | |
| ૯ | હાલમાં માંગણી કરેલ નાળુ/રસ્તો જો બિન અધિકૃત રીતે વપરાશમાં લેવામાં આવતો હોયતો તેની વિગત | | |
| ૧૦ | બિન અધિકૃત રીતે વપરાશમાં લેવામાં આવતા નાળા/રસ્તા અંગે વસૂલ લેવાની થતી વાર્ષિક ભાડા/મરામત-જાળવણીની રકમ | | |
| ૧૧ | બાંધવાના થતા નાળા/રોડ વપરાશની સ્થળ સ્થિતિ દર્શાવતો નકશો આજુબાજુના વીલેજ રોડ તથા અન્ય રોડની વિગત દર્શાવતો | | |
| ૧૨ | બાંધવાના થતા નાળા અંગે તથા રોડના વપરાશ અંગે અરજદારશ્રી/સંસ્થા/કંપની ધ્વારા અમલ કરવાની થતી શરતોનું પત્રક | | |
| ૧૩ | બાંધવાના થતા નાળા/રોડના વપરાશ અંગે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર ભરપાઈ કરવાની થતા ભાડા, નહેર/ડ્રેઈન મરામત-જાળવણી સિક્યુરીટી ડીપોઝીટ, તથા અન્ય ભરપાઈ કરવાની ડીપોઝીટની વિગત દર્શાવતું પત્રક. | | |
| ૧૪ | બાંધવાના થતા નાળાની 'મોસ્ટ' ધ્વારા ડીઝાઈન કરેલ નાળાનું ડ્રોઈંગ અથવા અન્ય રીતે તૈયાર કરેલ ડીઝાઈનનું ડ્રોઈંગ (જરૂરી ગણત્રી સહ) | | |
| ૧૫ | રસ્તા વપરાશ અંગે અરજદારશ્રી/કંપની/સંસ્થા ધ્વારા તૈયાર કરવાના થતા કોક્રિંટ/આસ્ફાલ્ટ રોડની માર્ગ અને મકાન વિભાગ ધ્વારા | | |
| ૧૬ | કેનાલ/ડ્રેઈન અંગે સરકારશ્રી ધ્વારા સંપાદિત કરવામાં આવેલ જમીનની સંપૂર્ણ લંબાઈ દર્શાવતું ક્રોસ સેક્શન જરૂરી હાઈડ્રોલિક ડેટા સહિત | | |
| ૧૭ | પરવાનગી આપવા અંગે રાજકીય આગેવાન ધ્વારા ભલામણ કરવામાં આવેલ હોયતો તેમના પત્રની નકલ | | |
| ૧૮ | ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવેલ બાહેધરી પત્ર | | |
| ૧૯ | આ મંજૂરી અંગે કોઈ લેખિતમાં વાંધો રજૂ કરેલ હોયતો પત્રની નકલ. | | |